પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં કલા, સંસ્કૃતિ અને દેશભક્તિનો અનોખો સમન્વય

સે. ૨૩ કડી કેમ્પસમાં વિદ્યાર્થીઓએ વિવિધ ૧૫ રાજ્યોની સાંસ્કૃતિક ઝલક રજૂ કરી સૌને દંગ કરી દીધા : રોજબરોજના જીવનમાં અનુશાસન દાખવી દેશની સેવા કરવી જોઈએ : ડૉ. કનુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સે. ૨૩ સ્થિત કડી કેમ્પસમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ ૧૫ જેટલા રાજ્યોની ભાતીગળ સંસ્કૃતિને તાદૃશ્ય કરાવતા અદ્‌ભૂત નૃત્યો રજૂ કર્યા હતા. વિવિધ રાજ્યોની સંસ્કૃતિને અનુરૂપ લોકનૃત્યો માટે આગવી વેશભૂષામાં સજ્જ વિદ્યાર્થીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. એકતા અને સંસ્કૃતિના અનોખા સમન્વય વચ્ચે ભાઈચારાનો સંદેશ આપતી આ ઉજવણી સમગ્ર શહેરમાં વિશિષ્ટ બની હતી. કડી શહેરમાં પણ કેળવણી મંડળ દ્વારા વૈવિધ્યસભર સંસ્કૃતિ, પહેરવેશ અને શિલ્પસ્થાપત્યને ઉજાગર કરતી અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સે. ૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી અન્વયે યુ.એસ.એ. સ્થિત દાતા મફતલાલ પટેલ તેમજ સંસ્થાના સેક્રેટરી ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેન સરદારભાઈ પટેલ, શાળાના આચાર્યા અને શિક્ષકો ઉપરાંત મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓની હાજરીમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓને સાચા અર્થમાં નાગરિક બની દેશના વિકાસ માટે સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને દેશભક્તિ જાગૃત કરવાની અપીલ કરી રોજબરોજના જીવનમાં અનુશાસન લાવી દેશની સેવા કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત કચરો કચરાપેટીમાં નાંખવા તેમજ પોતાના પરિવારજનો અને મિત્રોને વ્યસનમુક્ત કરીને દેશસેવાનું કામ કરવા પણ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. પ્રજાસત્તાક દિનની ઉજવણી અન્વયે કડી કેમ્પસની વિવિધ શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જુદા જુદા ૧૫ રાજ્યોની સાંસ્કૃતિની ઝાંખી કરાવતા નૃત્યો રજૂ કરી ઉપસ્થિતગણના દીલ જીતી લીધા હતા. કલા અને સંસ્કૃતિને અનુરૂપ કૃતિઓએ સૌને દંગ કરી દીધા હતા. આ પ્રસંગે સંસ્થાના ડૉ. ભરતભાઈ પટેલ કડી યુનિ.ના કુલપતિ ડી.ટી. કાપડીયા સહીત સંસ્થાના કર્મચારીઓએ પણ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.એન. પટેલ પ્રાથમિક શાળા તેમજ એચ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટે કર્યુ હતુ. કડી ખાતે પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી અન્વયે સંસ્થાના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાલમંદિરના ભૂલકાઓ ત્રિરંગી ફુગ્ગા સાથે ઉપસ્થિત રહેતા આકર્ષણ છવાયું હતું. કેમ્પસની દરેક શાળા કોલેજો દ્વારા વિવિધતામાં એકતા ઉજાગર કરતી વૈવિધ્યસભર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શહેરમાં આગ્રાનો તાજમહેલ, કોલકત્તાનો હાવડાબ્રિજ જેવા સ્થાપકો સામે પંજાબના ભાંગડા, કેરલાનુ તેયમ, ગુજરાતના ગરબા, રાજસ્થાની કાલબેલિયા અને બંગાળની દુર્ગાપૂજા ઉપરાંત સૈનિકોની વીરતા દર્શાવતી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળના ડૉ. મણીભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, ખોડાભાઈ પટેલ તેમજ જયંતિભાઈ પટેલ સહીતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

'લોકો દ્વારા લોકો વડે અને લોકોથી લોકભાગીદારીના અભિગમથી ચાલતું તંત્ર એટલે વાસ્મો' દ્વારા સતત બીજી વખત બેસ્ટ ટેબ્લોની બાજી મારી હતી. માણસા મુકામે યોજાયેલ જિલ્લા કક્ષાના ૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમિયાન રજૂ થયેલ ૧૬ વિવિધ ટેબ્લોમાં વાસ્મો દ્વારા પ્રદર્શિત કરાયેલા ટેબ્લો પૈકી ગાંધીનર જિલ્લા જળ અને સ્વચ્છતા યુનીટ, ગાંધીનગર (વાસ્મો)ને બેસ્ટ ટેબ્લોનો એવોર્ડ શ્રી પુરૂષોત્તમ સોલંકી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી તેમજ કલેકટર શ્રી પી. સ્વરૂપ દ્વારાના યુનીટ મેનેજરશ્રી આર.એમ. મહેરીયાને એનાયત કરવામાં આવ્યો. સતત બીજી વખત વાસ્મો દ્વારા આ એવોર્ડની બાજી મારવામાં આવેલ છે. ટેબ્લોમાં વાસ્મો દ્વારા બેસ્ટ પાણી એવોર્ડ વિજેતા, શાળા પ્રવેશોત્સવ, લોકાર્પણ, વોટર હાર્વેસ્ટીંગ, પાણીની ગુણવત્તા ચકાસણી, સતત પાણી આપતો જાદુઈ નળ, ગુજરાતની કાલ અને આજને આવરી લીધેલ વિવિધ મુદ્દાઓની થીમ આવરી લેવામાં આવ્યા હતા. જાદુઈ નળ એ દરેકના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ટેબ્લોમાં દ્વિતીય ઈનામ આરોગ્ય શાળાને તથા તૃતીય ઈનામ શિક્ષણ શાળાને મળ્યું હતુ. વિજેતાઓને રાજ્યમંત્રીશ્રીના હસ્તે ઈનામો એનાયત કરાયા હતા.

પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાએ દેશની પ્રથમ સોલાર ઓટોરીક્ષાનું રાજકોટથી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમણે ગ્રીન ગુજરાતની પહેલમાં અનેરી સિદ્ધિ હાંસલ કરનાર રાજકોટના યુવાન હરેશ પિત્રોડાને અભિનંદન પાઠવ્યા હતા.

વડીલોને વંદન અભિનંદન

ચંદ્રિકાબેન શ્યામલાલ પંડ્યા
(૧૯૫૮) મો.૯૬૬૨૬૭૭૮૨૦

શબ્દાવલી - ૫૨૯૮

૧	૨			■	૩	૪	૫
૬		■	■	૭			
	■	૮				■	
૯	૧૦		■	■		■	
■		■	૧૧	૧૨	■	૧૩	■
૧૪		■	■		■	૧૫	૧૬
	■	૧૭					
૧૮					■		■

આડી ચાવી

૧. સાપ-નિસરણીની એક રમત (૪)
૩. જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો (૩)
૬. ગપ, વાતો (૨)
૭. ખાનદાન, સુંદર (૪)
૮. ડાગળી ખસી જવી, ... થવું (૪)
૯. ફોટો, છબી (૩)
૧૧. પ્રેમ, સ્નેહ (૨)
૧૪. વેર, દ્વેષ (૨)
૧૫. થાપા, હાથા (૨)
૧૭. દોઢ ડાહ્યું (૬)
૧૯. હસ્તકમલ (૫)

ઊભી ચાવી

૧. સાથીદાર, સાથી (૪)
૨. પિતા, બાપુજી (૨)
૩. અર્જુન, પુત્ર (૪)
૪. ખાદ્ય, ખાજુ (૨)
૫. તતડવું તે (૪)
૭. આકાશ, વાદળ (૨)
૮. લાંબુ (૨)
૧૦. સામાની વાત કબુલવી તે(૩)
૧૨. હરક્ષણ-પલપલ (૪)
૧૩. લાફો, ઝાપટ (૪)
૧૪. ખજૂર સુકવી તે... બનાવાય (૩)
૧૬. શાણુ (૨)
૧૭. બતક (૨)
૧૮. કિંમત (૨)

શબ્દાવલી ૫૨૯૭ના જવાબ

આડી ચાવી :- (૧) ભૂમિગત (૬) લીન (૭) સફળ (૯) મધુવન (૧૦) કવન (૧૨) વખ (૧૩) તસલ્લી (૧૫) ડર (૧૬) સાયબી (૨૦) સ્મારક (૨૧) ડરપોક

ઊભી ચાવી :- (૧) ભુજંગ (૨) ગલી (૩) તનમન (૪) આસવ (૫) ગોળ (૮) ફનવર્લ્ડ (૧૦) કસર (૧૧) વલ્લી (૧૩) તડજોડ (૧૪) સોય (૧૭) બીસ્માર (૧૮) સાકર (૧૯) ચંપો

કંપની સમાચાર

ફાસ્ટ્રેકનું આકર્ષક સેલ

ફાસ્ટ્રેકનું ભવ્ય સેલ માણવા માટે તૈયાર થઈ જો, કારણ કે સર્વ ફાસ્ટ્રેક પ્રોડકટોની શ્રેણીઓને એક સાથે સેલ યોજાશે. ઘડિયાળો, બેગ્સ,સનગ્લાસીસ, બેલ્ટ્સ, વોલેટ્સ અને લેપટોપ સ્લીવ્ઝ ૧૫ જાન્યુ.થી આરંભ કરતાં ૧૬મી ફેબ્રુ., ૨૦૧૪ સુધી એકસમાન ૨૦ ટકાના ડિસ્કાઉન્ટમાં મળશે. કોઈ પણ ફાસ્ટ્રેક સ્ટોરમાં જતા તમારા ખિસ્સા અને વોર્ડરોબ માટે અત્યંત પુરસ્કૃત બની રહે તે માટે તે વચનબદ્ધ છે.

આકર્ષક બેગ્સ અને ફંકી સનગ્લાસીસથી લઈને ટ્રેન્ડી ક્રોનોગ્રાફ વોચીસ સુધી બધું જ સેલમાં રખાયું છે. સર્વ ખાસ ફાસ્ટ્રેક સ્ટોર્સ, શોપર્સ સ્ટોપ, સેન્ટ્રલ, લાઈફ સ્ટાઈલ, પેન્ટાલૂન્સ, વેસ્ટસાઈડ અને ભારતભરમાં સર્વ અગ્રણી મલ્ટી-બ્રાન્ડ એસેસરી આઉટલેટ્સ ડિસ્કાઉન્ટમાં મળશે. ફાસ્ટ્રેક વોચીસ અને સનગ્લાસીસ વર્લ્ડ ઓફ ટાઈટનમાં મળશે અને ફાસ્ટ્રેક સનગ્લાસીસ વર્લ્ડ ઓફ ટાઈટન કે ટાઈટન આઈપ્લસ સ્ટોર્સમાં મળશે.

લિવાઇસ બ્રાન્ડનું સેમી એન્યુઅલ એન્ડ ઓફ સિઝન સેલ

લિવાઈસ બ્રાન્ડમાં સેમી એન્યુઅલ એન્ડ ઓફ સિઝન સેલનો તા. ૩ જાન્યુ., ૨૦૧૪ થી આરંભ થયો. લિવાઈસ બ્રાન્ડનાં ભારતમાં પથરાયેલાં તમામ એક્સક્લુસીવ સ્ટોર્સમાં ગ્રાહકોને મહત્તમ ૫૦ ટકા (વેટ અલગ) સુધીની ડિસ્કાઉન્ટની સુવિધાઓમાં લાભ મળી શકશે.

લિવાઈસ બ્રાન્ડ કલાસિક અમેરિકન શૈલી અને પ્રયાસવિહીન ઠંડકને વ્યસ્ત કરે છે. ૧૮૭૩માં લેવી સ્ટ્રોસ એન્ડ કંપની દ્વારા લિવાઈસ જીન્સની શોધ કરવામાં આવી હતી. આજે લિવાઈસ બ્રાન્ડ તેનાં પ્રણેતારૂપ નાવિન્યપૂર્ણતાઓ અને ગુણવત્તા માટે વિશ્વવિખ્યાત છે.

૧૯૪૭ પછી દેશને સાત બિન કોંગ્રેસી વડાપ્રધાન મળ્યા છે !

૧૫મી ઓગષ્ટ-૧૯૪૭ થી અત્યાર સુધીમાં સત્તાસ્થાને આવેલા (કાર્યવાહક ગુલઝારીલાલ નંદા સિવાય) ભારતના કુલ ૧૩ વડાપ્રધાન પૈકી સાત વડાપ્રધાન બિન કોંગ્રેસી હતા જેમાં મોરારજી દેસાઈ પહેલા એવા વડાપ્રધાન હતા જેઓ જનતા પાર્ટીમાંથી આવતા હતા. તેઓ એક ગુજરાતી વ્યક્તિત્વ હતા. ફેબ્રુઆરી મહિનાની ૨૯મી તારીખે જન્મેલા નસીબદાર એવા આ નેતા ભારત દેશના સ્વાતંત્ર્ય સેનાની અને છઠ્ઠા વડાપ્રધાન હતા. તેમનો કાર્યકાળ ૧૯૭૭ થી ૧૯૭૯ સુધીનો હતો. ભારત રત્ન અને નિશાન-એ-પાકિસ્તાન એવા બે ખિતાબ તેમને મળી ચૂક્યાં છે. તેઓ વલસાડ જિલ્લાના ભદેલી ગામના વતની હતા. અંગ્રેજોની નોકરી છોડીને આઝાદીની જંગમાં જોડાયા હતા.

કોઈપણ નેતાના જોક્સ શરૂ થાય એટલે કે રાજકીય પતન તરફનો રસ્તો

સ્વ.મોરારજી દેસાઈ પછી જનતા પાર્ટીમાંથી ચૌધરી ચરણસિંઘ વડાપ્રધાન બન્યા હતા. એ ઉપરાંત જનતાદળમાંથી વિશ્વનાથ પ્રતાપસિંહ, ચંન્દ્રશેખર, એચ.ડી.દેવગૌડા અને ઈન્દ્રકુમાર ગુજરાલ તેમજ ભાજપમાંથી અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન પદ પર રઝાં છે. ઈન્દિરા ગાંધી, વાજપેયી અને ડો. મનમોહનસિંહ એ ત્રણ નામ એવાં છે કે જેઓ દેશમાં બે બે વાર વડાપ્રધાન બની શક્યા છે. જનતા દળે ચાર વર્ષના ઓછા સમયમાં ચાર વડાપ્રધાન આ દેશને આપ્યા છે. આ વખતે ૨૦૧૪??? વડાપ્રધાન પદની સ્પર્ધામાં ઉત્તરપ્રદેશની સાથે ગુજરાત જોડાયું છે. ચૂંટણી પહેલાં આ સ્પર્ધા નરેન્દ્ર મોદી વિરૂદ્ધ કોંગ્રેસ પાર્ટીની છે...

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

વોટ ફોર ઇન્ડિયા કોંગ્રેસ પાસે જવાબ નથી...

'વોટ ફોર ઈન્ડિયા એટલે વોટ ફોર ભાજપ...' મોદીએ ઈન્ડિયા નામ જોડીને કોંગ્રેસની ઊંઘ ઉડાવી દીધી છે. મોદી ભાજપના ઉમેદવાર માટે વોટ માગવાના છે પણ તેને વોટ ફોર ઈન્ડિયા એવું નામ આપી દીધું છે અને તે લોકોના માઈન્ડમાં સેટ થવા લાગ્યું છે. મોદીની સ્ટેટેજી યુવા અને મહિલા મતદાન વધારવાની છે. તેઓ માને છે કે ભારતના ૮૦ કરોડ પૈકી ૫૦ કરોડથી વધારે મતદારો મતદાન કરે તો પરિવર્તન નિશ્ચિત છે. વોટ ફોર ઈન્ડિયા નો મતલબ કોંગ્રેસના નેતાઓ હજી સમજી શક્યા નથી, તેમને ચૂંટણીના પરિણામ પછી લાઈટ થશે તેવું લાગે છે...!!

લોકસભાની ૨૦૦૯ ની ચૂંટણીમાં છેલ્લા ૨૦ વર્ષમાં ન થયું હોય તેટલું વિક્રમસર્જક ૬૫ ટકા મતદાન નોંધાયું હતું જે ૨૦૦૪ની લોકસભા ચૂંટણી કરતાં ઘણું વધારે હતું. ૨૦૦૪માં મતદાન ૫૨ ટકા જોવા મળી હતી. છેલ્લી બે ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૧૯૯૮માં ૪૨.૩૬ ટકા અને ૧૯૯૯માં ૪૬.૯૯ ટકા કરતાં ઘણી વધારે છે. આંકડા બતાવે છે કે પ્રત્યેક ચૂંટણીમાં મતદાનની ટકાવારીનો ગ્રાફ ઉંચે ગયો છે. ૨૦૧૪માં ચૂંટણી પંચનો ટારગેટ ૭૦ ટકાથી વધારે મતદાનનો છે. મોદી પણ એવું ઈચ્છી રઝાં છે કે જેટલું મતદાન વધારે થશે તેટલો ભાજપને વધારો વધારે છે...

દિશા બદલાઈ છે, હવે આપની સોચ પણ બદલો, ભારત માટે વિચારો...

જોક્સ શરૂ થાય એટલે રાજકીય પતન નક્કી....

કોઈપણ રાજકીય નેતાના જોક્સ શરૂ થાય એટલે સમજી લેવાનું કે તેમનું રાજકીય પતન બહું નજીકમાં હોય છે. ગુજરાત તેનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડી શકે છે. ૧૯૯૫માં કેશુભાઈ પટેલની સરકાર છ મહિના સુધી તો ટનાટન ચાલી પરંતુ પાછળથી પાર્ટીનું ગ્રહણ તેમને નડી ગયું. તારા બાપના તબેલામાંથી... એવો શબ્દ ખૂબ લોકપ્રિય બન્યો...ત્યારબાદ હજૂરીયા, ખજૂરીયા અને મજૂરીયા શબ્દો બજારમાં આવ્યા અને કેશુભાઈને ખુરશી છોડવી પડી... એવી જ રીતે ૨૦૦૧ માં ફરીથી કેશુભાઈ પટેલને ગ્રહણ નડયું અને તેમના જોક્સ શરૂ થયા.. માધવપુરા બેન્ક ગોટાળો, ભૂકંપની ગેરરિતીઓ અને ચૂંટણીના પરિણામોમાં ભાજપની પછડાટ પછી પાર્ટીના નેતાઓની સાથે લોકોએ જાત જાતના જોક્સ શરૂ કરી દીધા હતા...

ભાજપના રાજકારણમાં પણ એવું છે. લાલુપ્રસાદના જોક્સ શરૂ થયા અને બિહારમાંથી સત્તા ગુમાવી, રાજસ્થાનમાં અશોક ગેહલોતના જોક્સ શરૂ થયા અને સત્તા ગુમાવી, દિલ્હીમાં શીલા દિક્ષિતના કેજરીવાલ ફેઈમ જોક્સ બજારમાં વહેતા થયા અને કોંગ્રેસે સત્તા ગુમાવી દીધી... આજે ફેસબુક અને ટ્વિટર જેવા સોશ્યલ સાઈટના માધ્યમોમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને આપણા વડાપ્રધાન ડો.મનમોહનસિંહના જોક્સ શરૂ થયેલા છે. એટલું જ નહી, ભાજપમાં નરેન્દ્ર મોદી અને લાલકૃષ્ણ અડવાણીના જોક્સનો મારો પણ ઓછો નથી. બીજી તરફ આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ ઉપર પણ આઈટમ બોય જેવા જોક્સ બની રઝાં છે. એસપીના મુલાયમસિંહ, બીએસપીના માયાવતી અને જેડીયુના નિતીશકુમાર જેવા રાષ્ટ્રીય નેતાઓ પણ બાકાત નથી... જોક્સની આ કોમ્પિટીશનમાં કોણ ધોવાય છે તે લોકસભાની ચૂંટણી પછી જ ખબર પડી શકે છે...

CMO થી PMO સુધી કયા ઓફિસર જશે....

ભારતમાં જો ભાજપની મોદીની સરકાર બને તો ગુજરાતના એવા કયા અધિકારી છે જેમને મોદી તેમની સાથે લઈ જશે... આ એક સવાલ બ્યુરોક્રેસીમાં ઉભો થયો છે. કોઈ કહે છે કે કૈલાસનાથન મોદીની સાથે જશે, કોઈ કહે છે એ.કે.શર્મા પીએમઓ માં જોડાશે. કોઈ કહે છે કે જી.સી. મુર્મુ જવાની તૈયારી કરી રઝાં છે...એટલિસ્ટ ૧૨?? વધુ ઓફિસરો સીએમઓ થી પીએમઓ ની સફર માણવા તૈયાર છે.

મોદીની નજીકના એક અધિકારી એવું કહે છે કે ગુજરાતમાંથી માત્ર એક કે બે ઓફિસરો તેમની સાથે જાય તેમ છે. ચર્ચામાં દલીલ કરતાં તેઓ કહે છે કે પીએમઓ માં માત્ર ગુજરાતના અધિકારીઓ હોય તેવું બને નહી કારણ કે દિલ્હીમાં બેસીને માત્ર ગુજરાતનો વહીવટ કરવાનો નથી, ભારતના તમામ રાજયોનો વહીવટ કરવાનો હોય છે એટલે તેઓ મહત્વના રાજયોમાંથી પણ ઉચ્ચ અધિકારીઓને પસંદ કરી શકે છે...

હવે માત્ર ગુજરાત નહી, સમગ્ર દેશ માટે વિચારો....

હવે આપણે આપની સોચને વિશાળ ફલક ઉપર લઈ જવાની છે તેથી માત્ર ગુજરાતના વિકાસની જગ્યાએ આપણે ભારત દેશના વિકાસની બાબત વિચારવી જોઈએ, આ માટે મને આઈડિયા આપો, નવા પ્રોજેક્ટ આપો, આગામી પાંચ વર્ષ માટે શું થઈ શકે તેની બ્લ્યુ-પ્રિન્ટ જોઈએ.... આ શબ્દો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના છે. ગુજરાત સરકારના વહીવટમાં ઉપયોગી એવા ઓફિસરો અને કેબિનેટના પ્રધાનોને તેમણે એવું સૂચન કર્યુ છે કે હવે આપના વિચારોને વિસ્તારવા જોઈએ...

મોદી વડાપ્રધાન થાય તો CMO થી PMO?? સફરમાં કોણ જોડાઈ શકે છે...

સચિવાલયની બદલાયેલી કામગીરી જોતાં એવું લાગી રઝાું છે કે મોદીની દ્રષ્ટી બદલાઈ છે. તેઓ વિકાસની વાત ગુજરાત પુરતી સિમિત રાખવા માગતા નથી. આ દ્રષ્ટીનો દેશભરમાં તેઓ અમલ કરવા માગે છે. એક સનદી અધિકારીએ કહ્યું હતું કે અમારી કામગીરી હવે નેશનવાઈડ થઈ ચૂકી છે. ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં જે યોજનાઓનો અમલ કર્યો છે તે પૈકી કઈ યોજનાઓને દેશલેવલે અમલી બનાવી શકાય તેમ છે તેનો રિપોર્ટ આપવાની અમને સૂચનાઓ મળી ચૂકી છે. ઉલ્લેખનીય છે કે થોડાં સમય પહેલાં જૅ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે લોખંડ એકત્ર કરવા પ્રધાનમંડળના સભ્યો, સનદી અધિકારીઓ, સંસદસભ્યો અને ધારાસભ્યોને રાજય બહારના પ્રવાસે મોકલવામાં આવ્યા હતા...

જોઇએ છે, ભારતની ૧૫ ભાષાને જાણનારા...

ગુજરાતના મુખ્યમંત્રી પછી પણ પહેલાં ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર એવા નરેન્દ્ર મોદીને ચૂંટણીના સર્વેક્ષણો વડાપ્રધાનની રેસમાં ટોચક્રમે મૂકી રઝાં છે ત્યારે ગુજરાતમાં પણ પરિવર્તનનો પવન શરૂ થયો છે. મોદીની વેબસાઈટ કે જે માત્ર હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં હતી તેને બદલીને ૧૫ ભાષામાં કન્વર્ટ કરવામાં આવી છે. આમ પણ છેલ્લા બે વર્ષથી મોદીના પ્રવચન અને કાર્યક્રમોની મિડીયા યાદી ગુજરાતીની સાથે અંગ્રેજી અને હિન્દીમાં તૈયાર કરવામાં આવતી હતી હવે તેમાં બીજા ભાષાઓનો ઉમેરો થાય તો નવાઈ પામવા જેવું નથી....

મોદીએ ૧૫ ભારતીય ભાષામાં વેબસાઈટ તૈયાર કરી છે તેનો અર્થ એવો થયો કે તેમની વેબસાઈટના સંચાલનમાં ૧૫ ભાષાના જાણકારોને સ્થાન મળી ચૂક્યું છે. ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ હસતાં હસતાં કઝાું હતું કે અમારે અમારા વિભાગમાં પણ ૧૫ ભાષાઓમાં ટ્રાન્સલેશન કરવાનું થશે એટલે અલગ અલગ ભાષાઓના જાણકારોની ભરતી કરવી પડશે... ગુજરાતનું માહિતી ખાતુ પણ પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોની જેમ કામ કરશે...મોદીની વેબસાઈટ અને ટ્વિટર એકાઉન્ટ જે રીતે અપડેટ થાય છે તેવી રીતે ઈન્ફર્મેશનની સાઈટ પણ અપડેટ થાય તેવી તેમની તીવ્ર ઈચ્છા છે, સવાલ માત્ર ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટના ઓફિસરોની ઈચ્છાશક્તિનો છે, નજીકના ભવિષ્યમાં માહિતી ખાતુ ટ્વિટર ઉપર ન્યૂઝ એલર્ટ મોકલે તો નવાઈ પામવા જેવું નહી હોય...!!

કર્મચારીઓ માટે પણ મતદાન જાગૃતિ કેમ્પેઇન...

સરકારી નોકરી કરતા કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો મતદાન કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ તરફથી પ્રત્યેક વિભાગમાં ખાસ પ્રકારનું કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું છે. આ કેમ્પેઈનને સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટ્રોરલ પાર્ટીસિપેશન-સ્વીપ પાર્ટ-૨ નામ આપવામાં આવ્યું છે. રાજય અને કેન્દ્ર સરકારનના વિભાગો તેમજ જાહેર સાહસોનો તેમાં સક્રિય સહકાર મેળવવામાં આવી રઝાો છે.

ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજયની સરકારી ઓફિસોમાં કામ કરતા તમામ કર્મચારીઓ કે જેમાં કોન્ટ્રાકટથી નિમાયેલા સ્ટાફનો પણ સમાવેશ થાય છે તેમના માટે આ કેમ્પેઈન છે જેમાં ખાસ કરીને કર્મચારીનું મતદાર યાદીમાં નામ છે કે કેમ અને તેમના પુખ્ત પરિવારજનોના નામ છે કે નહી તેની ચકાસણી કરવામાં આવે છે. જો નામ ન હોય તો મતદાર યાદીમાં નામ સમાવવાની પ્રક્રિયા કરવાની સૂચના આપવામાં આવે છે. મતલબ એ થયો કે દેશના મતદારોની સાથે સરકારી નોકરી કરતા કર્મચારીઓને પણ મતદાન જાગૃતિ અભિયાનમાં સમાવી લેવામાં આવ્યા છે કે જેથી મતદાનની ટકાવારી વધી શકે....

ગિફ્ટ સિટીમાં મંદીના દિવસો પૂરા થયા...

દેશમાં મંદીના દિવસો પૂરા થયા હોય તેવું લાગી રઝાું છે. ગુજરાતમાં જમીન અને મિલકતોના ભાવમાં ૩૦ ટકા સુધીનો કડાકો આવી ગયા બાદ હવે ધીમે ધીમે ભાવ ઉંચકાવા લાગ્યા છે. ખાનગી પ્રોપર્ટીની સાથે સરકારી પ્રોપર્ટીના દરોમાં પણ વધારો થયો છે. ગાંધીનગરના આંગણે બનાવવામાં આવેલા ગિફ્ટસિટી કોમ્પલેક્સમાં પ્રતિ ચોરસ ફુટનો ભાવ ૫૦ હજારને પણ વટાવી ગયો છે. એટલે કે સરકારે પણ હવે કમાણીની દિશા પકડી છે. સરકાર વેપારીના રોલમાં આવી ચૂકી છે...

ગિફ્ટસિટીમાં એક વર્ષના લાંબા સમય પછી સરકારે વિવિધ રોકાણકારોને જગ્યા બુક કરવા માટે પ્રપોઝલ મોકલી છે જેના ભાગરૂપે ટાટા કોમ્યુનિકેશન્સ આ સિટીમાં ૧૫૦ કરોડના ખર્ચે ડેટા સેન્ટર બનાવી રઝાું છે. આ સેન્ટર જૂન-૨૦૧૫ સુધીમાં કાર્યરત થાય તેવી શક્યતા છે. આ સેન્ટર માટે કંપનીને ૪૧૪૭ ચોરસ મીટર જમીન જોઈશે અને ગ્રાઉન્ડ પ્લસ ફોરનું સ્ટ્રક્ચર ઉભું કરશે. પ્રત્યેક માળે ૧૨,૮૦૦ ચોરસફુટની જગ્યા રહેશે. બીજી તરફ એપાર્ટમેન્ટની સ્કીમમાં ૧૨ જેટલા બિલ્ડરજૂથોએ રસ દાખવ્યો છે. ગિફ્ટ સિટીમાં જગ્યા લેવા ૨૦થી વધુ પ્રપોઝલને ટૂંક સમયમાં મંજૂરી મળશે તેવી આશા અધિકારીઓ વ્યક્ત કરી રઝાં છે...

મૌન પળાશે

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

તો ભેગા મળી, મૌન પાળે, જ્યાં શક્ય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરને વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થંભી જાય તે જોવા વિનંતી કરવામાં આવી છે.

મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧:૦૨ થી ૧૧:૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ શઆયરન અતવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં ૧૧:૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો સંબંધિત તમામ કચેરીઓએ બાહર પાડવાના રહેશે.

ડ્રાફ્ટ બજેટ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ અમલીકરણને લઈ આ બજેટમાં અસરકારક પગલાં સૂચવવામાં આવે તેવી શક્યતાના નિર્દેશ પણ મળી રહ્યા છે. હાલ માત્ર સફાઈની એક જ સેવા કોર્પોરેશન હસ્તક છે એટલે સફાઈની વ્યવસ્થાને સઘન બનાવવા માટેના કેટલાક મહત્વના પગલાંઓ આ અંદાજપત્રમાં સૂચવવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.

બાવકુ ઉઘાડ ભાજપમાં

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

બાવકુ ઉઘાડને પત્રકારોએ જ્યારે એમ પુછ્યું કે કોઈ આગેવાન રાજકીય સોદાબાજીના ભાગરૂપે જ પક્ષ પરિવર્તન કરતા હોય છે તે શું તમે સૌરાષ્ટ્રથી લોકસભાની ચૂંટણી લડવાના છે ? તેના જવાબમાં તેમણે માત્ર એમ જણાવ્યું હતું કે પક્ષ જે નક્કી કરશે તે હું કરીશ...!